ગાંધીનગર સમાચાર

સે-૧૯માં સરકારી બંગલાના સર્વન્ટ ક્વાટર્સમાંથી દારૂ પકડાયો

## @ગાંધીનગર

● રાષ્ટ્રીય મુળ નિવાસી સંઘ, કર્મચારી કલ્યાણ મહાસંઘ તથા બામસેફના સંયુકત ઉપક્રમે બુધવારના રોજ સાંજે ૬.૧૫ કલાકે વિધાનસભાની સામે ડૉ. બાબા સાહેબ આંબેડકરના સ્ટેચ્યુ પાસે કર્મચારીઓની એક મિટીંગ યોજાશે.

- નજાહખાનમ સૈયદ

### સિસિકા દ્વારા રકતદાન શિબિર યોજાશે

ગાંધીનગર, તા.૯

સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ દ્વારા આગામી તા. ૧૪મી ફેબ્રુઆરીને રવિવારના રોજ સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન સેકટર-૨૧, વૈષ્ણવ હવેલી મંદિર ખાતે રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ રકતદાન મહાદાનના યજ્ઞમાં નગરના નાગરિકોને બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી રકતદાન કરવા કાઉન્સિલના કન્વીનર રસિકભાઈ ગાંધીએ અનુરોધ કર્યો છે.

### હીરામણિ સ્કૂલ ખાતે 'સાઈબર ક્રાઈમ અવેરનેસ' કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૯

'આઈ કયુ ફોરમ ફોર જસ્ટિસ' (એનજીઓ) દ્વારા 'સાઈબર ક્રાઈમ અવેરનેસ' અંગેનો કાર્યક્રમ હીરામણિ સ્કૂલ કેમ્પસમાં ઓડિયો વિઝયુઅલ હોલમાં રાખવામાં આવ્યો હતો. જેમાં ધોરણ-૯ના અંદાજે ૩૦૦ જેટલા વિદ્યાર્થીઓ અને ૧૦ શિક્ષકોએ આ કાર્યક્રમ નિહાળ્યો હતો.


આ કાર્યક્રમમાં આઈ કયૂ ફોરમ ફોર જસ્ટિસના પ્રમુખ આર.જે. પટેલ અને ઉપપ્રમુખ શરદ રાવલ ઉપસ્થિત રહ્યા હતા.

આઈ કયૂ ફોરમ ફોર જસ્ટિસના પ્રતિનિધિઓએ વિદ્યાર્થીઓ સમક્ષ સીડી, વિડીયો દ્વારા પ્રેઝન્ટેશન કર્યુ હતું. જેમાં ઈન્ટરનેટને કારણે સાઈબર ક્રાઈમ બને છે જેથી વિદ્યાર્થીઓએ પોતાના ફોટોગ્રાફસ, અંગત માહિતી બીજાને આપવી તે ગુનો બનવા સંભવ છે. તેથી આવી માહિતી આપતા પહેલાં તકેદારી રાખવી જરૂરી છે. 'થીંક બીફોર યુ કલીક'.

કોઈક વાર જાણે અજાણે આપણે આપણો ખાનગી નંબર, બેંક એકાઉન્ટ નંબર, કોન્ટેકટ નંબર અને પાસવર્ડ બીજાને આપીએ તો તે વ્યકિત હેક કરી તેનો દુરઉપયોગ કરે તે સંભવિત છે. અજાણ્યા માણસને આપણી ખાનગી વિગતો ન આપવી તે હિતાવહ છે જેવી માહિતી આપી વિદ્યાર્થીઓને સમજ પુરી પાડવામાં આવી હતી.

# અશ્વિનભાઈએ મૃત્યુ બાદ પણ ત્રણને નવજીવન બક્ષ્યુ

## બ્રહ્મસમાજના અગ્રણીએ બંન્ને કિડની અને લીવર દાન આપી સમાજને પ્રેરણા પુરી પાડી



સ્વ.અશ્વિનકુમાર શુકદેવજી ભટ્ટ

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર શહેરમાં વસવાટ કરતા બ્રહ્મ સમાજના અગ્રણી અશ્વિનભાઈ ભટ્ટ ને અચાનક બીપી વધી જતા બ્રેઈન હેમરેજ થઈ ગયું હતું. અશ્વિનભાઈ હોસ્પિટલમાં મરણ પથારીએ વેન્ટીલેટર પર હતા.તેમની તબિયતમાં કોઈ સુધારો ના દેખાતા મોતની ઘડીઓ નજીક હતી ત્યારે પરિવારજનોએ અશ્વિનભાઈના શરીરની અતિ ઉપયોગી તેવી બન્ને કિડની તેમજ લીવરનું દાન કરવાનો નિર્ણય લીધો હતો. અશ્વિનભાઈ પોતાની બંન્ને કિડની તેમજ લીવર દાન કરીને ત્રણ પરિવારોમાં અજવાળું કરીને પોતે લાંબી નિંદ્રામાં પોઢી ગયા જયાંથી આજદિન સુધી કોઈ પાછુ આવ્યું નથી. પરોપકારી જીવ ધરાવતા અશ્વિનભાઈ મૃત્યુ બાદ પણ પોતે પરોપકારની સુગંધ ફેલાવીને સમાજમાં પ્રેરણા પુરી પાડી છે.

ગાંધીનગર નજીક પેથાપુર ગામના અને શહેરના સેકટર-૨૬ પ્લોટ નં- ૧૬૪-૨ માં અશ્વિનભાઈ સુકદેવજી ભટ્ટ પોતાના પરિવાર સાથે રહેતા હતા. સરકારના માધ્યમિક શિક્ષણ બોર્ડમાં ૩૦ વર્ષ ફરજ બજાવીને નિવૃતી જીવન ગાળતા હતા. તેઓને વર્ષો અગાઉ હ્દયમાં તકલીફ થતા સારવાર કરાવતા વાલ્વની તકલીફ હોવાનું નિદાન થયું હતું. ત્યારબાદ થોડા સમય બાદ પરિવારજનોએ તેઓની ખાનગી હોસ્પિટલમાં વાલ્વની સારવાર કરાવી હતી. સારવાર બાદ અશ્વિનભાઈ સંપૂર્ણ સ્વસ્થ હતા અને ફરીથી તેઓ પોતાનું જીવન પત્ની,પુત્રો અને પૌત્રો સાથે હળીમળીને સુખમય પસાર કરતા હતા. પરંતુ તેઓની આ ખુશીને જાણે કોઈની નજર લાગી ગઈ હોય તેમ ગત ગુરુવારના રોજ સાંજે અચાનક તેમના શરીરમાં તકલીફ જણાઈ હતી તેમની તકલીફની જાણ તેમણે પરિવારજનોને કરતા તેઓ તાત્કાલીક ગાંધીનગર સિવિલ હોસ્પિટલ અને ત્યારબાદ ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયા હતા. પરંતુ કરમની કઠણાઈ અશ્વિનભાઈને બીપી વધી જતા બ્રેઈન હેમરેજ થઈ ગયું હતું અને મગજમાં બ્લડ ફેલાઈ જતા તેમની તબિયત નાજુક દિનપ્રતિદિન થઈ રહી હતી. ડોકટરોની અથાગ પ્રયત્નો કરવા છતા કોઈ સુધારો ના થતા પરિવારજનો પણ ચિંતામાં ગરકાવ થયા હતા. અને આ પરિસ્થિતમાં શુ કરી શકાય તેવુ પુછતા ડોકટરો અને સ્વજનોએ મૃત્યુ બાદ શરીરના કિંમતી અંગ ગણાતા કિડની અને લીવર દાન આપવાની વાત કરી હતી. અશ્વિનભાઈના સ્વજનોના સમજાવટથી તેઓના બંન્ને પુત્રો મિતેષભાઈ અને જીગરભાઈએ તૈયારી દર્શાવી હતી. પરંતુ તેમની સામે પોતાની માતાને આ અંગે સમજાવાનો મોટો પડકાર હતો.પરંતુ બંન્ને ભાઈએ કઠણ હૈયે પોતાની માતાને વાત કરી હતી અને મનાવી લીધા હતા. પરંતુ અશ્વિનભાઈ જયારે સ્વસ્થ હતા ત્યારે તેમની તે સમયની વાત તેમના પત્ની દેવાયાની બેન (મીનાબેન) આંખમાં આસુ સાથે જણાવે છે કે હું મારી ઈચ્છા અંગ દાન કરવાની છે તેમ તેમને જણાવતી હતી પરંતુ તેઓએ મારા હાથે સહી કરાવીને તેમના શરીરના ત્રણ અંગોનું દાન કરાવીને ફાની દુનિયા છોડીને ચાલ્યા ગયા છે. શહેરના બ્રહ્મ સમાજના અગ્રણી સ્વ.અશ્વિનભાઈ સમાજને ઉતમ પ્રેરણા પુરી પાડી છે. આજના યુગમાં કોઈ કોઈ નું નથી ત્યારે પોતાના શરીરના મહત્વના અંગો દાન કરીને અન્ય ત્રણ પરિવારોમાં અજવાળુ પાથરી ગયા છે. અશ્વિનભાઈ તેમના પાછળ પત્ની, બે પુત્રોના પરિવારને વલોપાત કરતા મુકીને અનંતની વાટે ચાલ્યા ગયા છે.

## વાતવાતમાં

● નાટક ભજવવાનો જ નહીં પણ નાટક જોવાનો પણ અલગ જ નશો હોય છે. ગાંધીનગરના ત્રણ યુવાનો પ્રવિણદાન ગઢવી, સંદિપ જોષી અને હેમંત દવે છેલ્લા ૧૫ વર્ષથી 'વીધાઉટ ફેઈલ' ગુજરાત સમાચાર આયોજીત આઈએન્ડટી નાટક સ્પર્ધા જોવા અમદાવાદ જાય છે. એમનું માનવું છે કે બેથી અઢી કલાકના પ્રોફેશનલ નાટક કરતા પણ કોલેજીયનો દ્વારા ભજવાતા આ નાટકો વધુ અસરકારક હોય છે.

● શહેરની શાળાઓમાં દ્વિતિય પરીક્ષા ચાલી રહી હતી. આ પરીક્ષા કેટલાક ધોરણમા પૂર્ણ થઈ જતા વિદ્યાર્થીઓ શાળાએ ના જતાં શાળાઓમાં પાંખી હાજરી હોવા મળી રહી છે.

- સમીર રામી,
મો. ૯૯૨૪૪૪૬૬૪૫

# સે-૧૯માં સરકારી બંગલાના સર્વન્ટ કવાટર્સમાંથી દારૂ પકડાયો

## પોલીસ ભવન સર્કલથી ખેપીયો પકડાયો : દારૂ કયાંથી લાવ્યો પુછતાં ખેપીયા સે-૧૯ના બંગલે લઈ જતા પોલીસ પણ ચોંકી : ૫૮ હજારનો મુદ્દામાલ જપ્ત





ગાંધીનગર, તા.૯

શહેરનું સેકટર-૧૯ ઉચ્ચ અધિકારીઓ અને પદાધિકારીઓનું સેકટર ગણાય છે. વીવીઆઈપી સેકટરમાં બંગલે બંગલે પોલીસ પહેરો હોય છે તેમ છતાં આ વિસ્તારમાંથી વિદેશી દારૂનો વેપલો થતો હોય તે બાબત આશ્ચર્યજનક છે. ભાજપના નેતા ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લી.ના ઉપાધ્યક્ષને ફાળવવામાં આવેલા બંગલાના સર્વન્ટ કવાર્ટસને દારૂ સંતાડવાનો અડ્ડો બનાવી દેવાયો હોવાનું ધ્યાને આવ્યું છે. ગાંધીનગર પોલીસે પકડેલા એક ખેપીયાને દારૂ કયાંથી લાવ્યો તે અંગે પુછપરછ કરી તો તે સે-૧૯ના બંગલે લઈ જતા પોલીસ પણ ચોંકી ગઈ હતી. બંગલાના સર્વન્ટ કવાટર્સમાંથી દારૂનો જથ્થો તથા ચોકીદાર મળી આવ્યો હતો. પોલીસે રૂ. ૫૮ હજારનો મુદ્દામાલ જપ્ત કરીને ઝીણવટભરી પુછપરછ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ સેકટર-૭ પીએસઆઈ વી.યુ. ગડરીયા તેમની ટીમ ગઈ કાલે પેટ્રોલીગમાં હતી ત્યારે પોલીસ ભવન સર્કલ પાસેથી બાઈક પર વિદેશી દારૂની ૧૨ બોટલ સાથે સે-૨૩ છ ટાઈપ ખાતે રહેતો ધનરાજ મલશી ડામોર પકડાઈ ગયો હતો. આ ખેપીયાની પુછપરછ કરી કે તે બોટલો કયાંથી લાવ્યો? તો ધનરાજે કહ્યું કે તે પીન્ટુ લક્ષ્મણ બારોટનો પાસેથી માલ લાવ્યો હતો. બુટલેગર પીન્ટુ બારોટનો મુદ્દામાલ કયાં પડયો છે? તે અંગે પુછતા ધનરાજ પોલીસને વીવીઆઈપી ગણાતા સેકટર-૧૯ ખાતે ગ-૧ ટાઈપના સરકારી બંગલા નં. ૨૩૦/૩ માં લઈ ગયો હતો. તેના સર્વન્ટ કવાટર્સમાં સે-૭ પોલીસ, સે-૨૧ પોલીસ અને એએસપી કરણરાજ વાઘેલાની ટીમે સંયુકત રેડ કરતા તેમાંથી ૧૪૧ નંગ દારૂની બોટલનો જથ્થો મળી આવ્યો હતો. કુલ રૂ. ૫૮૪૩૭ના મુદ્દામાલ સાથે સર્વન્ટ કવાટર્સમાં રહેતા ચોકીદાર રતનસિંહ કેશરીસિંહ બિહોલાની ધરપકડ કરી લેવામાં આવી છે. આ બંગલા બહાર ભાજપના આગેવાન અને ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લી.માં ઉપાધ્યક્ષનો હોદ્દો સંભાળતા દિનેશભાઈ કે. ટોળીયાની નેમ પ્લેટ લગાડવામાં આવેલી છે. સે-૨૧ પોલીસે ગુનો દાખલ કરીને ગુનાની ઉંડી તપાસ શરુ કરી છે.

### ઉર્જા બચત માટે જનજાગૃતિ રેલી યોજાશે

ગાંધીનગર, તા.૧૯

ગુજરાત ઉર્જા વિકાસ એજન્સી (જેડા) અને નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર ગાંધીનગરના સંયુકત ઉપક્રમે બાલ ઉર્જા રક્ષકદળ ૨૦૧૫-૧૬ કાર્યક્રમ અંતર્ગત ઉર્જા બચત માટે જનજાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું છે.

આ મહારેલી સવારે ૮.૪૫ કલાકે સેકટર-૨૩ સ્થિત શ્રીમતી આર.જી. પટેલ કન્યા વિદ્યાલય ખાતેથી પ્રારંભ કરવામાં આવશે. ત્યારબાદ ઘ-૫, ઘ-૪ થઈ ટાઉનહોલ ખાતે રેલી પહોશે. આ રેલીમાં ગાંધીનગર શહેર વિસ્તાર અને ગ્રામ્ય વિસ્તારની ૬૫ ઉચ્ચ પ્રાથમિક શાળાના ૧૫૦૦થી વધુ વિદ્યાર્થીઓ તથા ૧૦૦ જેટલા શિક્ષકો ઉપસ્થિત રહેશે. આ સમગ્ર રેલીમાં વિદ્યાર્થીઓ કેપ, પ્લેકાર્ડ, બેનર વગેરે લઈને ઉર્જા બચાવોના સૂત્રોચ્ચાર કરશે.

આ સૂત્રોચ્ચાર કરી ગાંધીનગરના માર્ગો ઉપર નીકળી ઉર્જા પ્રત્યે જાગૃતતા લાવવા વિદ્યાર્થીઓ દ્વારા પ્રયત્ન કરવામાં આવશે. તેમજ મહારેલી ટાઉનહોલ ખાતે પહોંચીને ત્યાં વિદ્યાર્થીઓ દ્વારા ઉર્જા સાંકળ રચાશે અને ઉર્જા બચાવવાના શપથ લેવામાં આવશે.

આ રેલીનું પ્રસ્થાન કરવા માટે મુખ્ય મહેમાન તરીકે ગાંધીનગર મહાનગર પાલિકાના મેયર હંસાબેન મોદી, ધારાસભ્ય અશોકભાઈ પટેલ, જેડાના નિયામક જી.ટી. અખાણી, સાશનાધિકારી ડૉ. નીપાબેન પટેલ, કડી કેમ્પસના કેમ્પસ ડાયરેકટર સોમભાઈ પટેલ, આર.જી. ગર્લ્સ હાઈસ્કૂલના આચાર્ય સુધાબેન પટેલ ઉપસ્થિત રહેશે.

# આદીવાડાનાં યુવાનનો ટ્રેન સામે પડતું મુકી આપઘાત

## કોલવડા નજીક રેલવે ટ્રેક પર જીવન ટુંકાવ્યુ : આપઘાતનું કારણ અકબંધ

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર નજીક કોલવડા પાસે રેલવે ટ્રેક પરથી પસાર થતી ટ્રેનની સામે પડતુ મુકીને શહેરના આદીવાડા વિસ્તારમાં રહેતા ૨૦ વર્ષીય યુવાને કોઈ અગમ્ય કારણોસર આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. ટ્રેનની અડફેટે ટુકડા થઈ ગયેલા યુવાનના મૃતદેહને પોસ્ટમોર્ટમ કરાવી પેથાપુર પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી આપઘાતનું કારણ બહાર લાવવા તજવીજ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ આદીવાડા છાપરા વિસ્તારમાં રહેતો ૨૦ વર્ષીય ભેમાજી સોમાજી ભીલ ક-૭ સર્કલ નજીકના એક ગંસ પંપ ખાતે નોકરી કરતો હતો. આજે કોઈ અગમ્ય કારણોસર તે કોલવડા નજીક રેલવે ટ્રેક પર પહોંચી ગયો હતો અને ધસમસતી આવતી ટ્રેનની સામે પડતું મુકી દીધું હતું. ટ્રેન નીચે કચડાઈ જતા સ્થળ પર જ યુવાનનું પ્રાણ પંખેરૂ ઉડી ગયું હતું અને શરીરના ટુકડા થઈ ગયા હતાં રેલવે પોલીસ અને પેથાપુર પોલીસ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. હદ નક્કી થતા પેથાપુર પોલીસે મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી ગુનો દાખલ કરીને આપઘાતનું કારણ જાણવા પરીવારજનોની પુછપરછ શરૂ કરી છે. જો કે હજુ સુધી કારણ બહાર આવ્યું નથી. પરિવારના સભ્યો પણ આપઘાતકેમ કર્યો હશે તે બાબત પર કાંઈ જ જાણતા ન હોવાનું પોલીસ જણાવી રહી છે.

# સિવિલ સત્તાધિશોને રાઉન્ડ દરમિયાન આવા દ્રશ્યો જોવા નથી મળતા શું...?

ગાંધીનગર, તા.૯

ગુજરાત રાજયની રાજધાની ગાંધીનગર શહેરની હોસ્પિટલમાં આ છે '' દર્દીઓની દશા અને દિશા'' સિવિલમાં પગે ફ્રેકચર થયું હોય અને ચાલી શકતા ના હોય તેવા દર્દીઓ માટે વ્હીલચેર અને સ્ટ્રેચર ઉપ્લબ્ધ ન હોવાથી પરિવારે જાતે નવી બિલ્ડીંગ સુધી તેડીને લઈ જવા પડે છે. નગરની આધુનિક હોસ્પિટલમાં સારવાર માટે આવતા ઓર્થોપેડીકના દર્દીઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. ત્યારે સિવિલના સત્તાધિશો જયારે રાઉન્ડમાં નીકળતા હોય છે તેવા સમયે આવા દ્રશ્યો જોવા નથી મળતા કે જોવા મળતા હોવા છતા આંખ આડા કાન કરી રહ્યા છે.

ગાંધીનગર મેડીકલ કોલેજ સંચાલિત શહેરની હોસ્પિટલમાં પહેલા કરતા અત્યારે હાલ વ્યવસ્થા ખોરંભાઈ હોય તેવું દર્દીઓને લાગી રહ્યું છે. તંત્ર દ્વારા પાંચ માળની ઓપીડી અને આઠ માળની અધ્યતન બિલ્ડીંગ દર્દીઓને સારી સુવિધા મળી રહે તે માટે બનાવવામાં આવી છે. જેમાં ઓર્થોપેડીક ઓપીડી ગ્રાઉન્ડ ફલોર રાખવામાં આવી છે. જયારે ૪થા માળે ઈન્ડોર ઓર્થોપેડીક દર્દીઓનો વોર્ડ આવેલો છે. ઓપીડી બિલ્ડીંગમાંથી દર્દીઓને નવી બિલ્ડીંગમાં જવા માટે વ્હીલચેર અને સ્ટ્રેચર ની સુવિધા ન હોવાથી દર્દીઓ તેમજ પરિવારોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. દર્દીના પરિવારોને એક સ્થળેથી બીજા સ્થળે ધક્કા ખાવા પડે છે અને ત્યારબાદ પણ પોતાના સ્વજન માટે વ્હીલચેર ન મળતા પરિવારના સભ્યોએ તેડીને લઈ જવા પડે છે. સિવિલના સતાધિશો રાઉન્ડમાં ચેકીગ માટે નીકળતા હોય છે ત્યારે અધિકારીઓને આવા દ્રશ્યો જોવા મળતા નથી કે તેઓ જોવા માંગતા નથી...! રાજધાનીની હોસ્પિટલને અધ્યતન ટેકનોલોજીથી સજ્જ કરવામાં આવી છે જેથી જિલ્લાભરમાંથી આવતા દર્દીઓને જરુરી સારવાર મળી રહે. પરંતુ સિવિલ તંત્રની અંદરની વ્યવસ્થા દિનપ્રતિદિન કથળતી જાય છે. તેવું સિવિલમાં આવતા દર્દીઓમાં ચર્ચાઈ રહ્યું છે. સિવિલમાં વ્હીલચેર અને સ્ટ્રેચર જરુરીઆત મુજબ યોગ્ય જગ્યાએ રાખવામાં આવે તેવું દર્દીઓ ઈચ્છી રહ્યા છે.





ઠાકોર સમાજના વિદ્યાર્થીઓના વિકાસ તેમજ કારકીર્દીને ઉજજવળ બનાવવા માટે સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારીઓને અનુલક્ષી નિઃશુલ્ક વર્ગો શરૂ કરવામાં આવ્યા છે. સે-૩ ઠાકોર ભવન ખાતે સાંજે ૭ થી ૮.૩૦ કલાક દરમિયાન નિઃશુલ્ક વર્ગોનું આયોજન કરવામાં આવ્યું છે.

# માણસના સ્વભાવ પાછળ ઉછેર જવાબદાર : ડૉ. જીતેન્દ્ર ગજ્જર

## અખિલ ભારતીય સામાજીક સ્વાસ્થ્ય સંઘ દ્વારા વસંતના વધામણા કાર્યક્રમ અંતર્ગત 'ભાવ વધારે સ્વભાવ' અંગે વકતવ્ય યોજાયું

ગાંધીનગર, તા.૯

માણસનું જીવન સ્વભાવથી જ સુખી થઈ શકે છે. જયારે ઉછેરના લીધે વ્યકિતનો સ્વભાવ સારો નરસો બનતો હોય છે. સામાન્ય રીતે શીખવાડેલી, વિચારેલી અને અનુભવેલી બાબતોના આધારે વ્યકિનતા સ્વભાવનું સર્જન થાય છે. વર્તન પણ સ્વભાવ માટે જવાબદાર હોય છે. ઘરના વાતાવરણ તેમજ જુદી જુદી પરિસ્થિતિના આધારે સ્વભાવ વિકસે છે તેમ ડૉ.જીતેન્દ્ર ગજ્જરે આજે વસંતના વધામણા કાર્યક્રમ દરમિયાન શ્રોતાઓને જણાવ્યું હતું.

અખિલ ભારતીય સામાજીક સ્વાસ્થ્ય સંઘના ઉપક્રમે સેકટર-૧૯ જીમખાના ખાતે આજે વસંતના વધામણા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન ડૉ. જીતેન્દ્ર ગજ્જરે 'ભાવ વધારે સ્વભાવ' વિષય પર રસપ્રદ વકતવ્ય રજુ કર્યુ હતું.





(તસવીર : કશ્યપ નિમાવત)

તેમણે જણાવ્યું હતું કે માણસનો સ્વભાવ માણસના વર્તન ઉપરથી ખબર પડે છે અને વર્તન એટલે પ્રસંગ પ્રમાણે માણસ જે પ્રતિભાવ આપે છે તે આમ 'ભાવ વધારે સ્વભાવ' વિષય અંતર્ગત સ્વભાવ કેવો હોવો જોઈએ, સ્વભાવ કેવી રીતે સુધારી શકાય, સ્વભાવના આધારે માણસના નામ પણ પડી જાય છે સહિતના મુદ્દાઓ પર વસ્તુ અને પક્ષીઓના ઉદાહરણ લઈ રસપ્રદ વકતવ્ય આપ્યું હતું.

આ પ્રસંગે વસંતના વધામણા અન્વયે જયોત્સનાબેન બુચ દ્વારા ગીત રજુ કરવામાં આવ્યું હતું. બેટી બચાવો, બેટી વધાવો, બેટી પઢાવો જેવા સ્લોગન સાથેની લકી ડ્રો, હાઉસી અને વન મીનીટ જેવી રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. વન મીનીટ ગેમમાં પ્રથમ ક્રમે પ્રતિભાબેન,દ્વિતીય ક્રમે કરૂણાબેન ગુપ્તા, તૃતીય ક્રમે આશાબેન દોશી તથા લકી ગેમમાં પ્રથમ ક્રમે તૃપ્તીબેન, દ્વિતીય ક્રમે બીનાબેન મહેતા, તૃતીય ક્રમે રમાબેન વિજેતા બન્યા હતા. વિજેતા થનારને ઈનામો આપી સન્માનવામાં આવ્યા હતા.

આ ઉપરાંત રમતગમત અને અભ્યાસ ક્ષેત્રે ઉત્કૃષ્ઠ દેખાવ બદલ દૃષ્ટિ સોલંકી, ખનક પટેલનું સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જિલ્લા પૂર્વ પ્રમુખ હિનાબેન પટેલ, કોકીલાબેન ત્રિવેદી, એન.બી. દવે, ઈન્દીરાબેન મહેતા, લીનાબેન મહેતા તેમજ મોટી સંખ્યામાં સભ્યો હાજર રહ્યા હતા. આભારવિધિ ચેતનાબેન બુચ દ્વારા કરવામાં આવી હતી તેમજ સમગ્ર કાર્યક્રમનું સંચાલન શર્મિષ્ઠાબેન દવેએ કર્યુ હતું.



ઓલ ઈન્ડીયા પોલીસ લોન ટેનીસ ચેમ્પીયનશીપમાં વિજેતા થઈ ટ્રોફી મેળવીને ગુજરાત પોલીસનું નામ રોશન કરનાર આઈજીપી મનોજ અગ્રવાલ, ડીવાયએસપી કેતન પારેખ અને ડીવાયએસપી રવિરાજસિંહ જાડેજાની ટીમને સમગ્ર પોલીસ પરિવાર તરફથી ડીજીપી પી.સી. ઠાકુરે અભિનંદન પાઠવ્યા છે.

## ચિરવિદાય

- સ્વ. નટવરલાલ શિવશંકર જાની, ઉ.વ. ૭૪
- સ્વ. સુલોચનાબેન જગદીશભાઈ પટેલ, ઉ.વ. ૭૦
- સ્વ. પુરીબેન મોહનભાઈ રાઠોડ, ઉ.વ. ૮૫
- સ્વ. મંગીબેન સઘડાભાઈ પરમાર, ઉ.વ. ૮૫
- સ્વ. નગીનભાઈ બારૂભાઈ હડવદીયા, ઉ.વ. ૪૮
- સ્વ. કમળાબેન પનાભાઈ સોલંકી, ઉ.વ. ૫૬
- સ્વ. ભેમાજી સોમાજી ભીલ, ઉ.વ. ૧૮